## પ્ર૦ ચુ૦ વૈદ્ય

# ગાંધીજી અને જીવનનિષ્ઠા

### ૧. પ્રાસ્તાવિક

જીવનનિષ્ઠાં એટલે શું તે સમજવા માટે નિષ્ઠાનો અર્થ જાણવો પડે. સાર્થ જોડણીકોશમાં નિષ્ઠાના નીચે પ્રમાણે અર્થ આપ્યા છે :

(૧) શ્રદ્ધા, ભક્તિ; (૨) આસ્થા, વિશ્વાસ; (૩) એકાગ્રતા, લીનતા, (૪) આશય, ધારણા. જીવનનિષ્ઠા તો સમાસ છે. તેનો અર્થ જીવનની નિષ્ઠા કે જીવનમાં નિષ્ઠા એમ થઈ શકે. આ બધી ચીકાશ હું એટલા માટે કરું છું કે આ વિષયનો અર્થ અનેક રીતે થઈ શકે અને તમે જે અર્થ કરો તે પ્રમાણે વિષય-વસ્તુ બદલાય. હું જાતે શિક્ષક રહ્યો એટલે આવું વિશ્લેષણ અનાયાસે થઈ જાય.

એટલે શરૂઆતમાં જ 'ગાંધીજી અને જીવનનિષ્ઠા' નો મારા મનમાં જે અર્થ છે તે જણાવી દઉં. મારા જીવનમાં મારી શ્રદ્ધા વધે, મારી આસ્થા વધે તેવું ગાંધીજીના ચિન્તન અને કથનમાંથી મારે તારવવું છે. આમ, એક વાર હેતુ મનમાં સ્પષ્ટ થયો એટલે આપણે આગળ વધીએ.

આપણે ગાંધીજીને સત્યાગ્રહના સર્જક અને અહિંસક રાહે દેશને આઝાદી અપાવનાર મહાત્મા તરીકે ઓળખ્યા છે. અને થયું પણ એવું કે દેશ આઝાદ થયો અને છ માસમાં તો ગાંધીજી આપણી વચ્ચેથી ચાલી નીકળ્યા. એટલે આપણે મન તો અન્યાયના પ્રતિકાર માટે અહિંસક રસ્તો બતાવનાર ગાંધીજી, એવો પ્રચલિત ખ્યાલ છે. પરંતુ ગાંધીજીનું ચિન્તન — પ્રયોગોને પરિણામે શરૂ થયેલું ચિંતન તો ઘણા વિશાલ ફલકને આવરી લે છે. આપણા કમનસીબે આ ચિન્તનનાં વિવિધ પાસાંને સમાજજીવનના સંદર્ભમાં પોતાની આગવી રીતે વાપરી શકે તેટલો સમય ગાંધીજી આપણી વચ્ચે રહ્યા નહિ. સામાન્ય જનતા તો ગાંધીજીને અન્યાય સામે લડવાના સત્યાગ્રહના શોધક તરીકે જ ઓળખે છે. આજકાલ આ નવા શસ્ત્રનો ખાસ ઉપયોગ રહ્યો નથી, એટલે ગાંધી વિસારે પડે તે સ્વાભાવિક છે. પણ હવે દેશમાં અને દુનિયામાં કેટલાયે એવા સંયોગો ઊભા થતા આવે છે કે આપણા મનમાં સવાલ ઊઠે કે આ સંયોગોમાં ગાંધીજીએ શું રસ્તો કાઢ્યો હોત ? આવા સવાલનો જવાબ તો ગાંધીજીના ચિન્તનમાંથી મળી આવે. આમ, ગાંધી-ચિંતનની ઝલકમાંથી આપણે જીવનનિષ્ઠાના પાઠ ભણવા છે.

### ૨. "હું મારો શિક્ષક થાઉં"

ગાંધીજીની જીવનકથા વાંચવાથી આપણને પહેલો પાઠ એ મળે કે "હું મારો શિક્ષક થાઉં". ગાંધીજીએ આપમેળે, સ્વાનુભવમાંથી, અથડાતાં, કૂટાતાં, ભૂલો કરી, આપમેળે ભૂલો સુધારતાં જતાં પોતાનું જીવન ઘડ્યું છે. એક સામાન્ય કુટુમ્બમાં જન્મ, બાળપણ સાદું, વિદ્યાર્થીકાળ કશાય ઝાકઝમાળ વગરનો અને એવા કોઈ બુદ્ધિના ચમકારા નહિ. પરંતુ "હું મારો શિક્ષક થાઉં" એ વૃત્તિ ઘણી, એટલે બીડી પીવા જેવી નાનપણની આદતમાંથી જૂઠું બોલવાની જરૂર ઊભી થાય પણ માંહ્યલો શિક્ષક જૂઠું બોલવા કરતાં આદત છોડવાની પ્રેરણા આપે.

કુટેવોને કારણે થયેલા કરજને ચૂકવવા સોનાના કડામાંથી કટકો સોનું વેચવું પડ્યું. ફરી પાછા માંહ્યલા શિક્ષકે જોર કર્યું અને પિતા પાસે મન ખોલી સાચી વાત કરી દીધી. આમ, આપમેળે, પોતાની અંદર ઊતરી, વિચાર કરી, પોતાની ભૂલ શોધી, પ્રાયશ્ચિત્ત કરી ભૂલ સુધારવાની ટેવ તેમને નાનપણથી જ પડી હતી.

જીવનનિષ્ઠાની પહેલી કડી આ જ છે, જેને હું ટૂંકમાં "હું જ મારો શિક્ષક થાઉં" વૃત્તિ કહું છું. આ વૃત્તિનું એક બીજું પાસું પણ છે. આ વૃત્તિને કારણે સતત નવું નવું જાણવાની ટેવ આપણને અનાયાસે પડે છે. આ અંગે નીચેનો વાર્તાલાપ જાણવા જેવો છે : એક આશ્રમવાસીએ ગાંધીજીને કહ્યું, "ગયે અઠવાડીએ તો તમે એક વાત કરતા હતા અને આ અઠવાડીએ તો તદ્દન જુદી જ વાત કરો છો". ગાંધીજીએ જવાબ આપ્યો, "ઓહો, પણ ગયા અઠવાડીઆ પછી હું કાંઈક વધુ શીખ્યો છું ને" !

આપમેળે પોતાને સુધારતા જવાની ટેવ પોતાની અંદર ઊતરીને વિચાર કરવા માત્રથી ઊભી થતી નથી. સાથે પોતાનું વર્તન પણ તે પ્રમાણે ગોઠવવું પડે છે. કથાકારોની જેમ "આમ કરો તેમ કરો" એવો પ્રચાર કરવાને બદલે આપણા જીવનમાં "આમ કે તેમ" કરીને આપણે દાખલો બેસાડવો જોઈએ. ગાંધીજીએ પહેલાં અમદાવાદમાં આશ્રમ સ્થાપી નિયમિત, સ્વઅંકુશિત દૈનિક જીવનની પ્રથા ઊભી કરી અને પછી તો અમદાવાદ જેવું શહેર છોડી શેગાંવ જેવા નાના ગામડામાં જઈને માંહ્યલા શિક્ષકે સૂચવેલી જીવનપ્રણાલી સ્વીકારી.

આમ, જીવનનિષ્ઠાનું એક વિશિષ્ટ પાસું "હું મારો શિક્ષક થાઉં" એ વૃત્તિમાંથી આપણને મળી રહે છે.

### ૩. પ્રયોગાત્મક અભિગમ

મારા જીવનમાં મારી શ્રદ્ધા વધે તેવું ગાંધીજીના જીવનમાંથી મારે તારવવું હોય તો જે બીજી વાત મારી નજરે ચઢે છે તે તેમનો પ્રયોગાત્મક અભિગમ. શૈક્ષણિક, સામાજિક, રાજકીય કે એવા કોઈ પણ વિષય ઉપર પોતાનો અભિપ્રાય સ્થિર કરવાની ગાંધીજીની પ્રયોગમૂલક રીત અત્યારની વૈજ્ઞાનિક પદ્ધતિને મળતી જ છે. ગાંધીજીની આત્મકથાનું નામ જ 'સત્યના પ્રયોગો' છે. રાજકારણમાં પ્રયોગો કરી સત્ય તારવવાનું કામ ગાંધીજીએ કર્યું તેની આપણે થોડી ઝાંખી મેળવી લઈએ.

ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત પાછા આવ્યા પછીના કાળમાં જન્મેલા મારા જેવા માટે સત્યાગ્રહ શબ્દ આઝાદીની લડતના પર્યાય જેવો શબ્દ છે. દક્ષિણ આફ્રિકામાં તો પ્રજાના એક ખાસ જૂથને થતા અન્યાયના પ્રતિકાર માટે સત્યાગ્રહનો ખ્યાલ ઉદ્ભવ્યો. આ લડત બહુ

મર્યાદિત હેતુ માટે હતી. પ્રશ્ન પ્રજાના નાના જૂથને (ભારતથી ત્યાં મજૂરી કે વેપાર અર્થે ગયેલા લોકોને) સ્પર્શતો હતો અને સામે પક્ષે ગોરી પ્રજા અને તેની સરકાર હતી. આવા વિશિષ્ટ સંયોગોમાં ઉદ્દભવેલી આ પ્રતિકારની રીતમાંથી ભારતના વિશાળ સમુદાયને વિદેશી હકૂમતની ધૂંસરીમાંથી મુક્ત કરવાની લડત વિકસાવવી એ કપરી ક્રિયા હતી અને ગાંધીજીએ તબક્કાવાર પ્રયોગો કરી તે કામ કેવી રીતે પાર પાડ્યું તે હવે જોઈએ.

ભારતમાં આવીને પહેલો સત્યાગ્રહનો પ્રયોગ બિહારના ચંપારણમાં થયો. ગળીની ખેતી કરતા ખેડૂતોને ગોરા જમીનદારો તરફથી થતા અન્યાયના પ્રતિકાર માટે તે યોજાયો. આમ તો દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહ જેવો, મર્યાદિત હેતુ માટે અને નાના જૂથને સ્પર્શતો મુદ્દો લઈ ભારતીય વાતાવરણનો તે પહેલો પ્રયોગ. ત્યાર પછી ખેડા જિલ્લાના ખેડૂતોને સ્પર્શતો સત્યાગ્રહ થયો. આમાં ફક્ત ગળી ઉગાડનાર નહિ પણ બધા ખેડૂતોનો પ્રશ્ન હતો અને સામે પક્ષે મુંબઈ પ્રાન્તની સરકાર હતી, ત્યાર પછી અમદાવાદના મિલકામદારોની હડતાળનો પ્રશ્ન આવ્યો. અને આધુનિક ઉદ્યોગ સાથે સંકળાયેલ શહેરના વિશિષ્ટ જૂથનો પ્રશ્ન પણ સત્યાગ્રહથી ઉકેલવાનો પ્રયોગ થયો.

આવા બધા પ્રયોગો અને તેનાં પરિણામોમાંથી ચિન્તનના પરિપાક રૂપે ૧૯૨૦-૨૧ની રાષ્ટ્રવ્યાપી લડતનાં મંડાણ થયાં. અસહકારની આ રાષ્ટ્રવ્યાપી ચળવળ દરમિયાન ચૌરીચૌરા ગામે જનતાએ પોલીસ ચોકી પર હિંસક હુમલો કર્યો. આ ચૌરીચૌરા કાન્ડની ખબર ગાંધીજીને પહોંચી અને તેમણે લડત પાછી ખેંચવાની જાહેરાત કરી. આ પ્રયોગ સત્યની ખોજ તરફ લઈ જતો નથી તેવું તેમને સ્પષ્ટ દેખાયું. અહીં ગાંધીજીનો પ્રયોગાત્મક અભિગમ સ્પષ્ટ નજરે પડ્યો. વિજ્ઞાનમાં પ્રયોજાતા સઘળા પ્રયોગો સફળ થતા નથી. ઘણા પ્રયોગો ધાર્યું પરિણામ આપતા નથી. પણ ત્યારે વૈજ્ઞાનિક નિષ્ફળતાનો દોષ પરિસ્થિતિ કે અન્ય સંયોગોને આપતો નથી, કારણ કે વિજ્ઞાનના પ્રયોગો નિસર્ગને સમજવા માટે છે. તમે પ્રયોગ કરો કે ન કરો, નિસર્ગ (કુદરત)તો જે છે તે છે. તમારો પ્રયોગ નિષ્ફળ થયો તેમાં કુદરતનો દોષ નથી. દોષ તમારાં સાધનોનો કે પ્રયોગના આયોજનનો છે. બસ, આવી જ વિચારસરણીને આધારે ચૌરીચૌરા કાંડમાં ગાંધીજીને ત્યાંના ગ્રામજનોનો દોષ દેખાયો નહિ. પોતે વાપરેલાં સાધન અને આયોજનનો દોષ દેખાયો ! જીવનનિષ્ઠાના અનુસંધાનમાં ગાંધીજીના આ પ્રયોગાત્મક અભિગમનું કેટલું બધું મહત્ત્વ છે !

પણ આપણે ૧૯૨૦-૨૧ની લડતથી આગળ ચાલીએ. તે લડતના આયોજનની નિષ્ફળતા પછી લગભગ સાત આઠ-વર્ષ ચિન્તન ચાલ્યું અને સત્યની ખોજનો નવો પ્રયોગ ૧૯૩૦માં મીઠાના સત્યાગ્રહનો કર્યો. આ વખતે સાધનની શુદ્ધતા (અહિંસા)નો સંદેશો દેશને ખૂણે ખૂણે આમ જનતા સુધી પહોંચે તેવું આયોજન કર્યું. રેડીઓ, ટી.વી. પહેલાંનો એ જમાનો. છાપાંની નહિવત્ અસરનો એ જમાનો. છતાં દેશને ખૂણે ખૂણે સાધન-શુદ્ધિના સંદેશ માટે ગાંધીજીએ સાબરમતી આશ્રમથી દાંડીના દરિયાકિનારા સુધી પગપાળા કૂચનું આયોજન કર્યું. ખાસ્સા દસ દિવસ સુધી આ કૂચ ચાલી. રસ્તે આવતાં ગામોમાં તો સરળતાથી સંદેશ પહોંચી જાય પણ રોજ રોજના કૂચના સમાચાર સવાર-સાંજનાં અખબારોમાં આવે અને કર્ણોપકર્ણ વાત ફેલાતી જાય અને જોતજોતામાં જ્યારે ગાંધીજીએ દાંડી ઉપર નમક કાનૂનનો ભંગ કરી મીઠું પકવ્યું ત્યારે રાષ્ટ્રભરમાં શિસ્તબદ્ધ રીતે સવિનય કાનૂન ભંગની લડત શરૂ થઈ.

ગાંધીજીના આ પ્રયોગાત્મક અભિગમની કથા આપણી જીવનનિષ્ઠાને સહેતુક કરવામાં કેટલી બધી મદદરૂપ થાય તેમ છે !

## ૪. આર્થિક ઉપકરણો

જાણીને આનંદ થાય તેવી વાત છે કે ગાંધીજીના સિદ્ધાન્તો પ્રમાણે જીવન-શિક્ષણ ગોઠવવા માટેનો એક આશ્રમ ફ્રાન્સમાં ચાલે છે. ગાંધીજીના ઈટાલિયન પ્રશંસક લાન્ત્ઝ દેલ વાસ્તો દક્ષિણ ફ્રાન્સમાં લ બોરી નોબ્લે ખાતે એક આશ્રમ ચલાવે છે. આશ્રમવાસીઓ શારીરિક શ્રમથી સાદાં સાધનો વાપરીને પોતાને જરૂરી ઉત્પાદન મેળવી લે છે. દેલ વાસ્તો તો કહે છે, ''માનવસંસ્કૃતિને વિનાશમાંથી ઉગારવી હોય તો ગાંધીજીનાં અસ્તેય, અપરિગ્રહ વ્રતો સાથેના આશ્રમ જીવન કરતાં બીજો કોઈ સારો માર્ગ મને દેખાતો નથી.''

(૧) આમ, અપરિગ્રહ અને અસ્તેય વ્યક્તિનો આર્થિક જીવનવ્યવહાર સમગ્ર સમાજની આર્થિક સ્થિતિ પ્રમાણે ઘડશે. વળી, લોભ ઉપર કાબૂ આવશે અને સર્વની જરૂરિયાતો ધ્યાનમાં રાખી વ્યક્તિ પોતાની જરૂરિયાત ગોઠવશે. આ છે જીવનનિષ્ઠાનો ગાંધી-ચીંધ્યો પહેલો આર્થિક પાઠ.

(૨) ગાંધી-ચિન્તનમાં સાધન-શુદ્ધિની વિશેષતાને કારણે ઉત્પાદકતા, સત્તા અને નિર્ણાયકતાનાં ક્ષેત્રોમાં વિકેન્દ્રીકરણ ઉપર ઝોક છે. આ વિકેન્દ્રીકરણ ઉપરના ઝોકને કારણે સમાજ-પરિવર્તનની પ્રક્રિયામાં પણ વ્યક્તિ ઉપર એટલો જ ઝોક છે. ગાંધીદર્શન પ્રમાણે સમાજને ફક્ત સરેરાશ (Statistical average) સાથે નહિ પણ સર્વ વ્યક્તિઓ સાથે સંબંધ છે અને આ વિકેન્દ્રીકરણ વગર શક્ય નથી.

(૩) ગાંધીદર્શનનું ત્રીજું આર્થિક ઉપકરણ ટ્રસ્ટીશિપનો સિદ્ધાન્ત છે. સાધન સંપન્ન વ્યક્તિઓ કે કુટુમ્બો, તેમની પાસેની સંપત્તિ સમાજે તેમને ટ્રસ્ટી તરીકે સંભાળવા આપી છે એવી ભાવના કેળવશે તો સંપત્તિનો બહુજન હિતાય ઉપયોગ કરવાની વૃત્તિ ઊભી થશે.

ગાંધીદર્શનનાં આ આર્થિક ઉપકરણો પોતાના જીવન દરમિયાન પ્રયોગો અને ચિંતનથી ગાંધીજીએ નિપજાવ્યાં હતાં. તેથી પ્રયોગાત્મક અભિગમના ગુણધર્મ પ્રમાણે આ ઉપકરણો સ્થળ-કાળની મર્યાદાથી પર હોવાં જોઈએ. ઉપર ફ્રાન્સના આશ્રમની વાત કરી છે. હવે ટ્રસ્ટીશિપના સિદ્ધાન્તનો ઉપયોગ ડેન્માર્કમાં થયો છે તેની વાત કરી લઈએ.

સાપેક્ષતાની આન્તરરાષ્ટ્રીય પરિષદના અનુસંધાનમાં ૧૯૭૧ના જુલાઈ માસમાં મારે કોપન હેગન જવાનું થયું. ત્યાં ગાંધીજીના ટ્રસ્ટીશિપ સિદ્ધાન્તનો એક સુંદર નમૂનો જોયો. ડેનમાર્ક તેના બિયર અને માખણ માટે વખણાય છે. યુરોપના ઠંડા પ્રદેશોમાં બિયર પાણીની જગ્યાએ પિવાય છે. કોપનહેગનની કાર્લ્સબર્ગ બ્રુઅરી બિયર બનાવવાનું મોટું કારખાનું છે. ૧૮૪૫માં તેની મૂળ સ્થાપના થયેલી અને ૧૮૮૧માં અદ્યતન સાધનોથી સજ્જ એવું નવું કારખાનું ઉમેરાયું. આજે (૧૯૭૧માં) આ બ્રુઅરીમાં રોજની ચાર કરોડ બાટલી બિયર તૈયાર થઈને પેક થાય છે. આમાંની ૩ કરોડ બાટલી તો રોજની ડેનમાર્કમાં જ વેચાઈ જાય છે અને એક કરોડ બાટલી પરદેશમાં નિકાસ થાય છે. એક બાટલી ઉપર ૧ ક્રોનર નફો થાય છે પણ આ નફો બ્રુઅરીના એકાદ માલિકને મળતો નથી. બ્રુઅરીનો માલિક જેકબ્સન જ્યારે ગુજરી ગયો ત્યારે તેણે પોતાના દીકરા કાર્લને તદ્દન નવી બ્રુઅરી બનાવીને આપી અને પોતાની બ્રુઅરી કાર્લબર્ગ ફાઉન્ડેશન નામનું એક ટ્રસ્ટ સ્થાપી તેને સોંપી દીધી. તેના પુત્ર કાર્લે પણ સમય જતાં પોતાની નવી બ્રુઅરી પણ કાર્લબર્ગ ફાઉન્ડેશનને સોંપી દીધી. આમ, બિયર બનાવતી દુનિયાની સૌથી મોટી બ્રુઅરી વિજ્ઞાન અને કેળવણીના વિકાસ માટેના એક ટ્રસ્ટની માલિકીની છે.

ગાંધીજીનું એવું માનવું હતું કે મોટા ઉદ્યોગો સ્થાપવા એ પણ સાહસનું કામ છે અને સાહસ માત્ર વ્યક્તિગત હોય છે. કોઈ એક વ્યક્તિ પોતાના સાહસ વડે મોટા ઉદ્યોગ સ્થાપે તેમાં કશું ખોટું નથી. પણ પછી એ ઉદ્યોગોમાંથી થતો નફો તો જનતાનું પોતાને ત્યાં રહેલું ટ્રસ્ટ છે એમ માનીને નફાનો મહદ્ અંશ જનતાને ચરણે ધરવો જોઈએ. ગાંધીજીના ટ્રસ્ટીશિપ સિદ્ધાન્તનું કેવું જ્વલંત ઉદાહરણ કાર્લ્સબર્ગ બ્રુઅરી પૂરું પાડે છે !

આપણા જીવનમાં આપણી શ્રદ્ધા વધે, તેવું ગાંધીજીના ચિંતનમાંથી તારવવાનો આ પ્રયત્ન સફળ થયો કે નહિ તે તો હવે પછીના આપણા જીવન ઉપરથી જોઈ શકાય.

---

## સાભાર-સ્વીકાર

**गांधी युवा बिरादरी**, २२३, दीन दयाल उपाध्याय मार्ग नई दिल्ली-११० ००२

❑ जाग उठी तरुणाई ले. रमेश शर्मा पृ. ६० मूल्य रु. ५०.

**તમન્ના કાર્યાલય**, પોસ્ટ ઓફિસ રોડ, બગસરા-૩૬૫ ૪૪૦.

❑ અવસર (ગઝલ સંગ્રહ) કુતુબ 'આઝાદ' પૃ. ૨૬૮ કી. રૂ. ૬૫

**લાભુભાઈ ત્રિવેદી સ્મારક સમિતિ**, લાલબહાદુર શાસ્ત્રી વિદ્યાભવન, શાસ્ત્રી મેદાન સામે, રાજકોટ ૩૬૦ ૦૦૧.

❑ ટીપે ટીપે સરોવર (ગુજરાતના પાણીપ્રશ્નની જાણકારી) લે. અરવિંદ આચાર્ય પૃ. ૫૬ કી. સપ્રેમ